# વાવાઝોડા સાથે વરસાદમાં આખુ શહેર ઘમરોળાયુ

**ગઇકાલે રાત્રિના વાવાઝોડા સાથે વરસાદ ગરબા મેદાનમાં ઠેર ઠેર પાણી ભરાયા : મંડપ અને સ્ટેજ પણ બેસી જતા ગરબા મહાતેસવના આયોજકોએ દિવસ દરમિયાન મેદાન તૈયાર કરવા દોડધામ કરી :ભારે પવનના લીધે શહેરમાં વિવિધ જગ્યાએ હોર્ડીંગ્સ અને સાઇન બોર્ડસ પણ જમીનદોસ્ત :અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી : જનજીવન અસ્તવ્યસ્ત : આજે સવાર બાદ વરસાદી વાદળો દુર હટતા તડકો નિકળતા નગરજનોને હાંશકારો**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં સતત વરસાદના લીધે જનજીવન પ્રભાવિત છે. જયારે ગઈકાલે સવાર સુધીમાં ૨૨ મી મી વરસાદ વરસ્યો હતો પરંતુ વરસાદી વંટોળના લીધે સેકટરો ઘમરોળાતા નજર નાંખો ત્યાં બધુ વેરવિખેર થઈ ગયુ હતુ. આખરે આજે સવાર બાદ ફરી વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા સાથે આખો દિવસ ઉઘાડ રહ્યો હતો વરસાદી પાણી પણ ઓસરી ગયા હતા જેના લીધે ત્રીજા નોરતે ગરબાની રમઝટ જામી હતી.

શહેરમાં ગઈકાલે રાત્રિના ભારે પવન સાથે તોફાની વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. પવનની સાથે વરસાદ વરસતા સેકટરોમાં ગરબા મેદાનમાં પાણી ભરાઈ ગયા હતા. ગરબા મહોત્સવના સ્થળે લગાવાયેલા હોર્ડીંગ્સ પણ ઉડી ગયા હતા. બીજીતરફ શહેરના માર્ગો પર સેંકડો વૃક્ષો પણ ધરાશાયી થઈ જતા રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. ગઈકાલે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરો ફુંકાયો હતો. જયારે ઝરમર વરસાદ વચ્ચે ભારે પવન ફુંકાતા જનજીવન પર

● અનુસંધાન પાના - ૭ પર






સાંજથી અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. પલવારમાં જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા અને સુસવાટા મારતા પવન સાથે વરસાદ ખાબકયો હતો વાવાઝોડા સાથે તોફાની વરસાદે નગરને અસ્તવ્યસ્ત કરી દીધુ હતુ. સેકટરોમાં ઠેર ઠેર ગરબા મહોત્સવા બોર્ડસ - હોર્ડીંગ્સ હવામાં ફંગાળાયા હતા. જયારે માર્ગો પરના સાઈન બોર્ડસ પણ ઉડી ગયા હતા. ગરબા મંડપ અને સ્ટેજ પણ બેસી જતા ગરબાના આયોજકોની ચિંતા વધી હતી. સેકટરોમાં ઠેર ઠેર સેંકડો વૃક્ષો ધરાશાયી થતા રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. તોફાની વરસાદના લીધે નગરનુ જનજીવન વિશેષ પ્રભાવિત થયુ હતુ. ગઈકાલ રાતથી



## વરસાદી સિસ્ટમ રાજસ્થાન તરફ ફંટાઇ

**સવારે વાદળિયા વાતાવરણના અંતે દિવસ દરમિયાન ઉઘાડ નિકળતા ગરબા નગરજનોએ નિરાંત અનુભવી : રાજસ્થાનમાં સવારે ધોધમાર વરસાદ વરસ્યો : હવે વરસાદની શક્યતા નહીંવત**


શહેરમાં છેલ્લા ઘણાં દિવસોથી વરસાદ વરસતા ચોમેર પાણી પાણી જોવા મળી રહ્યુ છે. જયારે વરસાદી વાયરાના લીધે નવરાત્રિ મહોત્સવ પણ પ્રભાવિત છે. આવા સંજોગોમાં ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વાવાઝોડા સાથે વરસાદ તુટી પડતા નગરનુ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. વરસાદી સિસ્ટમ એકટીવ થતા વાતાવરણ પલ્ટા વચ્ચે વાવાઝોડા સાથે વરસાદ ખાબક્યો હતો. તોફાની વરસાદથી શહેરનો સિનારીયો બદલાઈ ગયો હતો તુટી પડેલા હોર્ડીંગ્સ,સાઈન બોર્ડસ અને વૃક્ષોના લીધે માર્ગો પર આડશ થઈ ગઈ હતી. ગરબા મેદાનમાં પણ બધુ વેરવિખેર થઈ જતા ગરબા મહોત્સવના આયોજકો અને ગરબા રસિકો માટે મોટી ચિંતા ઉભી થઈ હતી. જો કે આજે સવારે વરસાદી સિસ્ટમ વિખેરાઈ જતા આકાશમાં સુરજદાદાએ દર્શન દીધા હતા. વરસાદી સિસ્ટમ રાજસ્થાન તરફ ફંટાઈ જતા ગાંધીનગરમાં આકરો તાપ પડતા દિવસ દરમિયાન વરસાદી પાણી ઓસરી ગયા હતા. ગરબા પ્રેમીઓએ પણ હાંશકારો અનુભવ્યો હતો. જયારે ફંટાયેલા વરસાદી વાવાઝોડાના લીધે રાજસ્થાનમાં સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. નવરાત મહોત્સવની ઉજવણી વચ્ચે હવે વરસાદની શક્યતા નહીંવત હોવાનુ પણ હવામાન વિભાગ માની રહ્યુ છે. જયારે નવરાતના પ્રારંભથી વરસાદી વાયરો યથાવત રહેતા ગઈકાલ રાતના તોફાની વરસાદ બાદ ગરબા પ્રેમીઓની ચિંતા બેવડાઈ હતી પરંતુ આજના વાતાવરણ પલ્ટાના અંતે ગરબા મહોત્સવના આયોજકોએ પણ નિરાંત અનુભવી હતી જયારે સાંજ સુધી વાતાવરણમાં સતત ઉઘાડ રહેતા બીજા નોરતે ગરબા બંધ રહ્યા બાદ મંગળવારે રાત્રિના ગરબાની રમઝટ પણ જામી હતી.







# સંત સરોવરના દસ દરવાજા ખોલાયા

**૨૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે, પાણીની આવક એટલી જ જાવક**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આવેલ સંત સરોવર અને લાકરોડા વિયરના કેપમેન્ટ વિસ્તારમાં પાણીની આવક થતાં આજે આ બન્ને સરોવરના દરવાજા ખોલવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સંત સરોવરના ૧૦ દરવાજા ૨॥ મીટર ખોલવામાં આવ્યા છે અને પ્રતિ મિનિટ ૨૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત લાકરોડા વિયરના ૮ દરવાજા ખોલવામાં આવ્યા છે.

હાથમતી નદી અને સાબરમતીના તટીય પ્રદેશ વિસ્તારમાં થયેલ ભારે વરસાદને પગલે આ પાણી છોડવામાં આવી રહ્યુ છે. આ પાણી છોડવામાં જે આવી રહ્યુ છે તેટલી જ પાણીની આવક હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

સંત સરોવર અને લાકરોડા વિયરમાંથી પાણી છોડવામાં આવતાં અમદાવાદ વાસણા બેરેજના દરવાજા પણ ખોલવામાં આવ્યા છે. આજે પણ ઉત્તર ગુજરાતમાં વરસાદી માહોલ જામેલો રહ્યો છે. પાણી છોડવાનો નિર્ણય મોડી રાત્રે ૧.૩૦ કલાકે લેવામાં આવ્યો હતો. આ માટે પહેલાં ૪ દરવાજા પછી બપોરના ૮ દરવાજા અને સાંજે દસ દરવાજા ખોલવામાં આવ્યા છે.

સંત સરોવરમાંથી પાણી છોડવામાં આવતા સાબરમતી નદી બે કાંઠે થઈ ગઈ છે અને તેથી જ આજે પણ આ અંગે સરકારકક્ષાએ એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક પણ યોજવામાં આવી હતી.

## શહેરને ૩૧મી સુધીમાં પ્લાસ્ટીક મુક્ત બનાવવા મનપાનુ તંત્ર સજ્જ

**રોડમેપ પણ તૈયાર કરી દેવાયો : ૩૫૯ ઈસમો પાસેથી ૧૭૦૦ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી બે લાખથી વધુ દંડ વસુલાયો છે**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સીંગલ યુઝ પ્લાસ્ટીક પ્રતિબંધના અમલ માટે અત્યાર સુધીમાં રૂ. બે લાખથી વધુનો દંડ વસુલવામાં આવ્યો છે. આ પ્રતિબંધની જાણકારી અને સમજ આપવા કાલે મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને સે. ૨૧ના શાકમાર્કેટ ખાતે ખાસ થેલી વિતરણ પણ કરવામાં આવનાર છે. ૩૧મી ઓકટો. સુધીમાં શહેર પ્લાસ્ટીકમુક્ત બનાવવાનો રોડમેપ પણ તૈયાર કરી દેવાયો છે.

૧૧મી સપ્ટેમ્બરથી શરૂ થયેલ આ અભિયાન અંતર્ગત તંત્ર દ્વારા ૩૫૯ ઈસમોનો મેમો ફાડી ૧૭૦૦ કિલો પ્લાસ્ટીકનો જથ્થો કબ્જે લેવામાં આવ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા હવે આ અંગે સઘન અભિયાન હાથ ધરવામાં આવશે. સ્થાયી સમિતિની બેઠકમાં પણ આ પ્રતંબિધ લાગુ કરાયાની વાતને બહાલી મળી ગઈ છે.

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ અંગેની વિધિવત્ ઘોષણા કરવામાં આવનાર છે. શહેરને પ્લાસ્ટીકમુક્ત બનાવવા માટેના અભિયાનનો રોડમેપ પણ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આજે ગાંધીનગર શહેરમાં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સે. ૨૧ના શાકમાર્કેટ નજીક મેયર રીટાબેન પટેલના હસ્તે થેલીનું વિતરણ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ અંગે ખાસ કપડાની થેલીઓ પણ તૈયાર કરવામાં આવી છે.

આ ઉપરાંત વિવિધ શાળાઓ તેમજ મહાશાળાઓમાં પણ સીંગલ યુઝ પ્લાસ્ટીકના અંગે ખાસ પ્રતિજ્ઞાઓ લેવડાવવામાં આવશે. સીંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રતિબંધ માટે ખાસ હોર્ડિંગ્સ પણ જાહેર સ્થાનો પર મુકવામાં આવનાર છે. આ માટેની દંડનીય કાર્યવાહી પણ ચાલુ રખાશે. ૩૧મી ઓકટો. સુધીમાં શહેરને પ્લાસ્ટીકમુક્ત બનાવવા માટે ખાસ અભિયાનરૂપે કામગીરી હાથ ધરવામાં આવશે.

## હવે, પાણી અને ગટર વેરો મનપાના મિલ્કત વેરા સાથે ભરવો પડશે

**સરકાર અને મનપાના તંત્ર વચ્ચે યોજાયેલી બેઠકમાં લેવાયો સૈદ્ધાંતિક નિર્ણય**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા જ હવે પાણી વેરો અને ગટરવેરો ઉઘરાવવામાં આવશે અને આ બન્ને વેરા મિલ્કતવેરાના બિલમાં ઉમેરીને આપવામાં આવશે. સરકાર અને મનપા વચ્ચે આ અંગે સૈદ્ધાંતિક નિર્ણય લેવાઈ ચુક્યો છે.

હાલ મનપા દ્વારા મિલ્કતવેરાના જ બિલો આપવામાં આવી રહ્યા છે અને તેની વસુલાતનુ પ્રમાણ ૮૫ ટકાથી વધુ જોવા મળી રહ્યુ છે.

રાજ્ય સરકાર અને મનપાના તંત્ર વચ્ચે તાજેતરમાં થયેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આ અંગેનો સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં થયેલ નિર્ણય મુજબ ૨૦૧૯-૨૦નો વેરો અને તેની રકમની વિગતો તંત્રને પુરી પાડવામાં આવ્યા બાદ નવા મિલ્કતવેરામાં તે સામેલ કરી બિલો જારી કરવામાં આવશે.

ગાંધીનગર મનપાએ ગટર અને પાણીની વિતરણ વ્યવસ્થાની સેવાઓ મેળવવા માટે આ બેઠક યોજાઈ હતી. ત્યારે વેરા વસુલાતની ટકાવારીનો મુદ્દો ચર્ચામાં આવતાં મનપાએ વસુલાતનુ પ્રમાણ ૮૫ થી ૯૦ ટકા સુધીનુ દર્શાવ્યુ હતુ. આથી સરકારે હાલ પુરતી વસુલાતની જવાબદારી આપી છે.

મનપા પણ વસુલાતની રકમ અલગથી સરકારમાં જમા કરાવી દેશે. પરંતુ વેરાની વસુલાત અસરકારક રીતે કરવામાં આવશે.

પાટનગર યોજના માટે આ

● અનુસંધાન પાના - ૭ પર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com